ક્રમાંક:માવિ.૬/આર્થિક સહાય બિ.આદિ/૨૦૧૯/૭૨૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૭/૦૩/૨૦૧૯

વંચાણે લીધો:

- કમિશનર શાળાઓની કચેરીના તા.૦૮/૦૩/૨૦૧૯ ના પત્રક્રમાંક નં. માધ્ય//ધ-૧/બિં.આદિ/પ્રો.આ.સ/બીજો હપ્તો/૨૦૧૯/૭૭૫૮-૬૮ અન્વયે.

કચેરી આદેશ:

આમુખમાં જણાવેલ આદેશથી સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં અત્રેના જિલ્લાની સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને આર્થિક સહાય આપવા અંગે રૂ.૧૫,૧૨,૦૦૦ (પંદર લાખ બાર હજાર પુરા) પુરાની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે.

તો તે મુજબ આદેશમાં જણાવેલ શરતોને ધ્યાનમાં રાખી GTR-62 Cમાં બીલ બનાવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે સને ૨૦૧૮-૧૯ ના નાણાંકીય વર્ષમાં ઉધારવાનો રહેશે.

માંગણી નંબર-૯

EDN-18

મુખ્ય સદર ૨૨૦૨- સામાન્ય શિક્ષણ ૦૨

માધ્યમિક શિક્ષણ -૧૧૦

બિન સરકારી શાળાઓને સહાય અને માધ્યમિક શિક્ષણનો વિનિયમિત વિકાસ (૨૨૦૨-૦૨-૦૦૧-૦૧)

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
પાલનપુર-બનાસકાંઠા

Scanned by CamScanner

ક્રમાંક માધ્ય//ધ-૧/બિં.આદિ/પ્રો.આ.સ /બીજો હપ્તો /૨૦૧૯/ ૭૧૫૮-૫૮

નિયામક શાળાઓની કચેરી
૯/૧ ડો જીવરાજ મહેતા ભવન
ગુ.રાગાંધીનગર તા ૮/૩/૨૦૧૯

<u>વંચાણે લીધા</u>

(૧) શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક બમશ /૧૦૧૧/૩૭/ (પા.ફા.-૧) ગ તા ૧૫/૩/૨૦૧૬

(૨) શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક બમશ /૧૦૧૧/૩૭/ (પા.ફા.-૧) ગ તા ૬/૬/૨૦૧૬

(૩) શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક બમશ /૧૦૧૧/૩૭/ (પા.ફા.-૧) ગ તા ૨૭/૬/૨૦૧૬

(૪) કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગરનો પત્ર ન ધ/માધ્ય/ધ-૧/સ્વનિર્ભર/૨૦૧૭ -૧૮૧૨૩-૨૫૧ તા ૧૨/૧૦/૨૦૧૮

(૫) શિ.વિ.નો ઠરાવ ક્રમાંક બમશ /૧૦૧૭/૩૦૯૨/ગ તા ૧૬/૫/૨૦૧૮(સને ૨૦૧૮-૧૯ ઈડીએન -૧૮ હેઠળની વિવિધ યોજનાઓની ચાલુ બાબત તરીકે થયેલ જોગવાઈ ને વહીવટી મંજુરી

(૬)કમિશનર શાળાની કચેરીના તા ૩૦/૮/૨૦૧૮ નાં આદેશ ન ૧૭૯૦૬-૩૨

(૬) જીલ્લા શિક્ષનાધીકારીશ્રી બનાસકાંઠા નો તા ૨૬/૬/૨૦૧૮ નાં પત્ર ક્રમાંક ૨૭૦૫૪ અને તા ૨૯/૧/૨૦૧૯ નાં પત્ર ક્રમાંક /૫૫૬૦

<u>કચેરી આદેશ</u>

રાજ્યમાં ચાલતી બિન સરકારી (નોન ગ્રાન્ટેડ ) માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા ,શાળાના શૈક્ષણિક સ્ટાફ ની ઈતર પ્રવૃતિઓ માટેની સુવિધાઓ માં વધારો થાય અને એકંદરે શિક્ષણનાં સ્તર માં સુધારો થાય તે માટેસંદર્ભ (૧) માં જણાવેલ શિ.વિ.નાં તા ૧૫/૩/૨૦૧૬ ઠરાવ રથી સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગે નાં ધોરણો નક્કી કરવામાં આવેલ છે

સંદર્ભ (૪) માં જણાવ્યા મુજબ શિ.વિ નાં તા ૧૫/૩/૨૦૧૬ ઠરાવ નાં નિયમો અને જોગવાઈ મુજબ પાત્રતા ધરાવતી બિન આદિજાતિ વિસ્તારની કુલ ૧૨૮ શાળાઓના ૧૦૮૩૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ ૭૫૦૦/- ની મર્યાદામાં સને ૨૦૧૭-૧૮ નાં પ્રથમ વર્ષે ધોરણ ૯ નાં વિદ્યાર્થીઓને ૧.૪ (બી) મુજબ આર્થિક સહાય ની ૮૦% રકમ પ્રોત્સાહક સહાય તરીકે મંજુર કરવામાં આવેલ હતી

સને ૨૦૧૮-૧૯ નાં વર્ષમાં સ્વનિર્ભર શાળાઓને પ્રોત્સાહક સહાય આપવા અંગે કુલ ૧૭૦૦/- .લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે જેની સંદર્ભ (૫) થી શિક્ષણ વિભાગ નાં તા ૧૬/૫/૨૦૧૮ નાં ઠરાવ થી વહીવટી મંજુરી મળેલ છે.

સને ૨૦૧૭-૧૮ ની જે શાળાઓને પ્રથમ વર્ષ માટે પ્રોત્સાહક સહાય મંજુર કરવામાં આવેલ તે શાળાઓને સને ૨૦૧૮-૧૯ નાં વર્ષ માં ઠરાવ ની જોગવાઈ ૧.૪ (C ) પ્રમાણે દ્વિતીય વર્ષે ન્યુનતમપાસ પર્સન્ટેજ ધરાવતી લાભાર્થી શાળાઓની પ્રોત્સાહક આર્થિક સહાય ધોરણ -૯ (નવા) અને ધોરણ -૧૦ ( અગીઉના ધોરણ ૯ ) માટે કમિશનર કચેરી નાં તા ૩૦/૮/૨૦૧૮ નાં આદેશ થી પ્રોત્સાહક સહાય આપવામાં આવેલ હતી જેમાં કલ્યાણાનંદ માં



Scanned by CamScanner

અને ઉ.માં વિદ્યાલય અનાપુરગઢ તા ધાનેરા જી.બનાસકાંઠા ને ધોરણ-૧૦ નાં ૪૮ વિદ્યાર્થીએ આર્થિક પ્રોત્સાહક આપવામાં આવેલ હતી સંદર્ભ (૬)થી જીલ્લા શિક્ષણાધીકારીના પત્રમાં જણાવ્યા મુજબ કચેરી દ્વારા [પરિણામ લખવામાં ક્ષતિ થયેલ વાસ્તવમાં સદર શાળાનું પરિણામ ૬૭.૦૫ ને ધ્યાને લઇ નાં ધો.૯ (નવા ) ૨૦૪ ધો.૧૦ (અગાઉના ધો.૯ ) ૪૮ નાં કુલ વિદ્યાર્થી સંખ્યા ૨૫૨ તથા શાળાઓના માર્ચ ૨૦૧૮ નાં પરિણામ ની વિગત સંબંધિત જીલ્લા શિક્ષધીકારીની કચેરી પાસે થી મેળવીને લાભાર્થી શાળા ને તેમની નિયત કેટેગરી માં જણાવ્યા મુજબ ન્યુનતમ પાસ પર્સન્ટેજ પરિણામ ધરાવે છે તો ઉક્ત શાળાને દ્વિતીય વર્ષે ૪૦% સહાય જુલાઈ માસમાં અને ૪૦% સહાય ડીસેમ્બર માસની એમ મળીને કુલ ૮૦% સહાય વિદ્યાર્થી દીઠ ૭૫૦૦/- નાં ૮૦% રકમ ૬૦૦૦/- લેખી ચુકવવાની થતા બિન આદિજાતિ વિસ્તારની પ્રસ્તુત શાળા ને ધોરણ-૯ નાં ૨૦૪ વિદ્યાર્થી અને ધોરણ-૧૦ નાં ૪૮ ( કુલ ૯૬ વિદ્યાર્થી પૈકી ૪૮ ને ચૂકવી દીધેલ છે) એમ કુલ ૨૫૨ વિદ્યાર્થીઓને ૬૦૦૦/- લેખે ૧૫,૧૨,૦૦૦/- અંકે પંદર્લાખ બાર હજાર પુરા ની પ્રોત્સાહક સહાય મંજુર કરવામાં આવે છે .

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે સને ૨૦૧૮-૧૯ નાણાકીય વર્ષમા ઉધારવાનો રહેશે. આ ખર્ચ માંગણી નં.(૯) EDN-18 મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ,૦૨,-માધ્યમિક શિક્ષણ ૧૧૦,-બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાય ૦૧ બિનસરકારી માધ્યમિક શિક્ષણનો વિનિયમિત વિકાસ (૨૨૦૨-૦૨-૦૦૧-૦૧) ખાતે ઉધારવાનો રહેશે તથા તે સદર હેઠળ થયેલ જોગવાઇમાથી મેળવવાનો રહેશે.

શિક્ષણ વિભાગનો તા. ૧૫/૩/૨૦૧૬ના ઠરાવની પ્રોત્સાહક આર્થિક સહાય માટેની અન્ય શરતો અને સામેલ પરિશિષ્ટ-૨ મુજબ પ્રત્સાહક આર્થિક સહાય મેળવતી શાળાઓએથી લેવાની રહેશે.તેમજ પરિશિષ્ટ-૩ મુજબ આદર્શ આચારસંહિતાનુ પાલન કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ ચુસ્તપણે કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

નોંધ ઉપર નિયામકશ્રી (શાળાઓ) ના મળેલ આદેશાનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી
(માધ્ય)ગુ. રા. ગાંધીનગર

બિદાણ :- ઉપર મુજબ પત્રક

પ્રતિ

- સંબંધિત શાળા મારફત જીલ્લા શિક્ષણાધીકારી કચેરી બનાસકાંઠા .
- જીલ્લા શિક્ષણાધીકારી ની કચેરી બનાસકાંઠા .
- જીલ્લા તિજોરી અધિકારીની કચેરી કચેરી બનાસકાંઠા .
- સંયુક્ત નિયામક શ્રી (હિસાબ )
- હિસાબી અધિકારી આ કચેરી ગ્રાન્ટ ઓન લાઈન કરવા સારૂં
- સંબંધિત બજેટ અધિકારી તરફ જાણ સારૂં
- મહાલેખાકાર શ્રી (અમદાવાદ /રાજકોટ )



Scanned by CamScanner